# THE COMPARATIVE STUDY OF EMOTIONAL INTELLIGENCE, ROLE CONFLICT AND JOB SATISFACTION OF TEACHERS WORKING IN EDUCATIONAL INSTITUTIONS

## (ABSTRACT)

# શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ

## (સારાંશ)

**A THESIS**
**SUBMITTED**
**TO**
**SAURASHTRA UNIVERSITY**
**FOR THE DEGREE OF**
**DOCTOR OF PHILOSOPHY IN**
**PSYCHOLOGY**
**UNDER THE FACULTY OF ARTS**

By :
**MADHU H. SOLANKI**
**(M.A., B.Ed., M.Phil.)**
**Research Scholar**
**Department of Psychology**
**Saurashtra University**
**Rajkot-360 005**

Guided by :
**Dr. RANJITSINH G. PARMAR**
**(M.A., M.Phil., Ph.D.)**
**Department of Psychology**
**Shri Jasani Arts and Commerce College**
**Rajkot-360 001**

**Registration No. : 5190** **Date : 1st January, 2013**

**FEBRUARY-2015**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 1 |
| 2. | સંશોધન સમસ્યાનું કથન | 4 |
| 3. | સંશોધનના હેતુઓ | 9 |
| 4. | પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ | 10 |
| 5. | સંશોધનના પરિવર્ત્યો | 16 |
| 6. | પ્રસ્તુત સંશોધન યોજના | 18 |
| 7. | પ્રસ્તુત સંશોધનની નિદર્શ પસંદગી | 27 |
| 8. | પ્રસ્તુત સંશોધનના સાધનો | 30 |
| 9. | પ્રસ્તુત સંશોધનની માહિતીનું એકત્રીકરણ | 41 |
| 10. | આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ | 43 |
| 11. | સંશોધનના તારણો | 44 |
| 12. | સંશોધનનું મહત્વ | 52 |
| 13. | સંશોધનની મર્યાદાઓ | 53 |
| 14. | સંશોધનનું પ્રકરણ આયોજન | 54 |
| • | References | 56 |

# THE COMPARATIVE STUDY OF EMOTIONAL INTELLIGENCE, ROLE CONFLICT AND JOB SATISFACTIONOF TEACHERS WORKING IN EDUCATIONAL INSTITUTIONS
# (ABSTRACT)

# શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ
# (સારાંશ)

## 1.0 પ્રસ્તાવના (Introduction)

શિક્ષણ એ કોઈપણ સમાજની પ્રાથમિક જરૂરિયાત છે. યોગ્ય શિક્ષણના અભાવમાં વ્યક્તિ કે સમાજનો વિકાસ સંભવ નથી. શિક્ષણ એ સમાજ પરિવર્તન માટેનું અગત્યનું પરિબળ છે. શિક્ષણ દ્વારા સમાજમાં જાગૃતિ લાવી શકાય છે. પ્રાચીન સમયથી જ શિક્ષણને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. સમાજની જરૂરિયાતો મુજબ તેમાં વારંવાર પરિવર્તન આવે છે. આજનો યુગ મહ્દઅંશે ઔપચારિક શિક્ષણનો યુગ છે. ઔપચારિક શિક્ષણનાં કુલ ચાર મુખ્ય અંગો છે. - વિદ્યાર્થી, શિક્ષક, સંચાલક મંડળ અને સરકાર, શિક્ષક એ શાળાકીય ક્ષેત્રે અતિ અગત્યનું અંગ છે. વિદ્યાર્થીઓ ઉપર શિક્ષકનો પ્રભાવ વિશેષ હોય છે. વિદ્યાર્થીઓ કે જે આવતીકાલના નાગરિકો છે, તેના સુદઢ, સુસંસ્કારી વ્યક્તિત્વના વિકાસનો મુખ્ય આધાર તેના શિક્ષકોના સ્વસ્થ વર્તન ઉપર રહેલો છે.

આજની વિશ્વવ્યાપી અશાંતિના મૂળમાં સાચા શિક્ષણનો અભાવ છે. વિદ્વાન સાહિત્યકાર અને ચિંતક મનુભાઈ પંચોલી. હંમેશા કહેતા કે, "માણસ એક જ એવુ પ્રાણી છે જેને શિક્ષણ આપી શકાય. માનવ-સંસ્કૃતિના ઈતિહાસને સર્વનાશમાંથી ઊગારવા ડહાપણ આપવાનું વચન આપનાર શિક્ષણની સમાજને આજે જેટલી જરૂર છે. તેટલી કયારેય ન હતી. આ નિર્ણાયક ક્ષણે તમે શિક્ષક થવાનું પસંદ કર્યું છે તે બદલ અભિનંદન ?' અગાઉ ચાણકય આ રસ્તે ચાલ્યા હતા. એ મહાન શિક્ષક ચાણકયે કહ્યું હતુ : "શિક્ષક કભી સાધારણ નહીં હોતા. પ્રલય ઔર નિર્માણ ઊસકી ગોદ મેં ખેલતે હૈ." 'ગુરુ' શબ્દનો અર્થ જ 'અંધકાર દૂર કરનાર' એવો થાય છે. આ સુંદર કાર્ય 'સાચા' શિક્ષણ દ્વારા જ શકય બની શકે જે સંપૂર્ણ જવાબદારી શિક્ષકની છે.

શિક્ષક એટલે કોણ ?

શિસ્તનો આગ્રહી બને તે શિક્ષક,

અન્યાય સામે ખુમારીવંતા બને તે શિક્ષક,

કર્તવ્યનિષ્ઠા અને ક્ષમાશીલના દાખલા બેસાડે તે શિક્ષક,

શાળારૂપી મંદિરનો પુજારી બને તે શિક્ષક.

સરસ્વતી માતા અને શારદાનો ઉપાસક બને તે શિક્ષક,

પરિવર્તનનો દૂત બને તે શિક્ષક,

મા રૂપી મમતા અને પિતારૂપી જવાબદારી બને તે શિક્ષક,

નિઃસ્વાર્થ બાળપ્રેમ પ્રાપ્ત કરે તે શિક્ષક

સંસ્કારોનું સિંચન કરે તે શિક્ષક.

પર્યાવરણનું મહત્વ સમજાવે તે શિક્ષક

એકતા, અખંડિતતા, દેશપ્રેમના પાઠો શીખવે તે શિક્ષક,

સૂર્યરૂપી તેજસ્વીતા અને ચંદ્રરૂપી શીતળતા બક્ષે તે શિક્ષક

વિદ્યાર્થીરૂપી બાળકમાં માનવતાના ગુણ સીંચે તે શિક્ષક,

રાવણને 'રામ', દાનવને 'માનવ' બનાવે તે શિક્ષક

આપણા તમામ શિક્ષકો જયારે જ્ઞાન અને કર્મની શિક્ષામાં શાળાથી લઈને વિશેષ સંસ્થાનો અને વિશ્વવિદ્યાલય સુધી જોડાયેલા છે તો પછી ભાવના અને લાગણી, સંવેદનશીલતાની શિક્ષા કોણ આપશે ? મનોવિજ્ઞાન કહે છે કે આજનો શિક્ષક જ્ઞાનનો પડકાર અને હુન્નરની ચિંતા સામે ઉભો છે. શિક્ષાએ દુનિયામાં જે વાતાવરણ ઉભુ કર્યું છે. તેને જોવા લાગે છે કે શિક્ષાની પારંપારિક વ્યાખ્યા ઘસાઈ ગઈ છે.

હવે શિક્ષકની જરૂર છે કયાં ? જ્ઞાન મળી રહે છે. હુન્નરનો વ્યાપાર છે. જો આ બંનેનો વેપાર છે તો ભાવનાનું શું કામ ? આપણી સામે આતંકવાદ, સાંપ્રદાયિકતા, કટ્ટરતા, જાતિવાદ, વર્ગવાદ, નફરત અને સ્વાર્થ છે. આ દરેક

માનવીય ભાવના અને સંવેદના સાથે સંકળાયેલા છે. શું આપણે આને શિક્ષાની નવી શકયતાઓના રૂપમાં ન જોઈ શકીએ ? જો આપણે ભાવનાઓની યોગ્ય શિક્ષા આપી દઈએ, અને તેને વ્યકત કરવાની અને તેના પર સંયમ રાખવાની પણ, તો મનુષ્યને યોગ્ય મનુષ્ય બનાવવાનો શ્રેય શિક્ષકને જ મળવાનો છે. આ સંપુર્ણ આધાર શિક્ષકના સ્વસ્થ વર્તન ઉપર રહેલો છે.

જો શિક્ષક જ અસંતોષની લાગણીથી પીડાતો હશે. સંપુર્ણ સ્વસ્થ ન હોય કે પોતાના આવેગોનું વ્યવસ્થાપન યોગ્ય રીતે ન કરી શકતો હોય તો તે પોતાના શૈક્ષણિક કાર્યમાં સમાયોજન સાધી શકશે નહી, જો શિક્ષકમાં આવેગિક બુદ્ધિનું પ્રમાણ વધુ હશે તો તે પોતાની મુશ્કેલીઓ અને વિદ્યાર્થીઓની સમસ્યાઓ સાથે સમાયોજન સાધી શકશે. શિક્ષક વિદ્યાર્થીઓમાં શિક્ષણ દ્વારા વિધાયક સામાજિક વર્તન અને આવેગોની યોગ્ય અભિવ્યક્તિ રજૂ કરીને તેમના મોડેલવર્તન ઊભુ કરે છે. શિક્ષક માટે આવેગિક બુદ્ધિ એ સૌથી શક્તિશાળી બળ છે જે વિદ્યાર્થીઓને ક્રોધ નિયંત્રણ, સંઘર્ષસમાધાન અને પ્રોત્સાહિત કે ઉત્સાહ જેવા આવેગોની અભિવ્યક્તિ માટે પોતે મોડેલવર્તન બની રહે છે.

એક વ્યવસાય તરીકે અમુક દેશોમાં શિક્ષણને અન્ય કોઈપણ વ્યવસાય કરતા સૌથી વધુ તણાવપૂર્ણ વ્યવસાયની યાદીમાં મુકાય છે. શિક્ષકોમાં તણાવની પાછળ ઘણા પરિબળો છે. આ પરિબળોમાં વર્ગમાં વિતાવેલ સમય, વર્ગ માટે તૈયારી વિદ્યાર્થીઓને સલાહ આપવી, શિક્ષક પરિષદ માટે મુસાફરી મોટી સંખ્યામાં અને વિવિધ જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ સાથે કામ લેવું સમર્થતાઓ અને અસમર્થતાઓ, કર્મચારીઓના આધારનો અભાવ આ બધા કારણો શિક્ષકોની ભૂમિકા સંઘર્ષ ઉભો કરનાર છે.

આજનો યુગ સ્પર્ધાત્મક યુગ છે. દરેક માનવી બીજા માનવી કરતાં કંઈક વધારે મેળવવાની આકાંક્ષા પાછળ દોડી રહ્યો છે. માનવીની જરૂરિયાતોનું પ્રમાણ વધતું જાય છે. માનવી પોતાની બધીજ આકાંક્ષાઓ કે વધતી જરૂરિયાતોને સંતોષી શકતો નથી, ભૌતિક વિજ્ઞાનનો નિયમ છે કે કોઈપણ વસ્તુ કે કારણ સાથે કર્તા હોય છે. કાર્યને કારણ અને પરિણામ સાથે પણ સંબંધ હોય છે. આ નિયમ મુજબ જયારે વ્યકિત પોતાની આકાંક્ષાઓ કે જરૂરિયાતો સંતોષી ન શકે ત્યારે વ્યકિતમાં

અસંતોષની લાગણી પેદા થાય છે. પરિણામે કાર્યસંતોષનું પ્રમાણ ઘટે છે. જો શિક્ષકોને પોતાના કાર્ય પ્રત્યે સંતોષ હોય તો તેની સીધી અસર તેના અધ્યાપન કાર્ય અને વર્તન વ્યવહારો પર પડે છે. તેથી શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા, સંઘર્ષ અને કાર્યસંતોષ જાણી શિક્ષણમાં સંપૂર્ણ સુધારણા અભિયાનમાં ઉપયોગી થવાના વિચારે સંશોધકે પ્રસ્તુત સમસ્યા પર અભ્યાસ હાથ ધરવાનું નકકી કર્યું.

## 2.0 **સંશોધન સમસ્યાનું કથન :**

"શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ"

માત્ર ભારતમાં જ નહી પરંતુ વિશ્વમાં અન્ય સ્થળોએ પણ અનેક સદીઓ સુધી શિક્ષણ વ્યવસ્થા અનૌપચારિક તથા અવૈધિક રહી છે. જ્ઞાન-વિજ્ઞાનના ઝડપી વિકાસ, સમાજની સંકુલતા, વ્યવસાયોના વિશિષ્ટીકરણ અને વૈવિધ્યના કારણે શિક્ષણ દિન-પ્રતિદિન ઔપચારિક તથા માળખાગત થતુ ગયું. આજનુ આ ઔપચારિક શિક્ષણ મુખ્યત્વે ચાર સ્તરોમાં વહેંચાયેલું છે. - પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અને મહાવિદ્યાલય શિક્ષણ.

શિક્ષણના દરેક સ્તરે, દરેક તબક્કામાં વિદ્યાર્થીઓમાં ચોક્કસ બૌદ્ધિક, નૈતિક તથા સામાજિક ગુણોનો વિકાસ થાય, તે અતિ આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં શિક્ષક એક આગવી ભૂમિકા ભજવે છે. શિક્ષકોએ સમાજ માટે ઉત્તમ નાગરિકોનું ઘડતર કરવાનું અગત્યનું કાર્ય કરવાનું છે.

પ્રવર્તમાન સમયમાં બાળકનો સર્વાંગી વિકાસ કરવા માટે શિક્ષકે નિત્યનવીન બદલાતા શિક્ષણના પ્રવાહો, નવી-નવી શિક્ષણની પદ્ધતિઓ, નવા સાધનોનો ઉપયોગ કરવા માટેના કાર્ય-કૌશલ્યો, નવી પ્રવિધિઓ થઈને જ પોતાના શિક્ષણના કૌશલ્યો ને કે વિષયવસ્તુને વધુ અસરકારક બનાવી શકશે. પરંતુ તે માટે શિક્ષક, પોતે અને અન્ય વ્યકિતઓની (વિદ્યાર્થી) લાગણીઓ સામે વર્તવાની ક્ષમતા, સ્ફૂર્તિલો, વિશાળ દષ્ટિબિંદુ ધરાવતો, પોતાની આવેગિક સ્થિતી નિયંત્રિત કરવાની ક્ષમતા, વિદ્યાર્થીઓના આવેગોને ઓળખવા તથા સમાનુભૂતિનો અનુભવ કરવાની, તથા સ્વને પ્રેરિત કરી સતત ઉત્સાહિત રહી. તેની નીચે અભ્યાસ કરતા કુમળી વયના

બાળકોને વધુ સારી રીતે શિક્ષણ આપી શકશે. શિક્ષકે જયારે એક શિલ્પી તરીકે બાળકોના જીવનને ઘાટ આપવાનો હોય ત્યારે શિક્ષક પોતે જ સ્વ-આવેગોનું વ્યવસ્થાપન, વ્યવસાયિક અભિગમ, વ્યકિતગત કે આંતરવૈયક્તિક બાબતોનું સંચાલન કરી શકતો હશે તો જ તે પોતાના વિદ્યાર્થીઓને પ્રફુલ્લિત ચિત્તે યોગ્ય શિક્ષણ આપી અને પોતે જે વ્યવસાયમાં છે, તે વ્યવસાય પ્રત્યે સંતોષ પ્રાપ્ત કરી પોતાના શિક્ષણ જગતમાં અનુકૂળ થઈ શકશે.

પ્રસ્તુત અભ્યાસ ખાસ એ હેતુને ધ્યાનમાં લઈને પસંદ કરવામાં આવ્યો છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન જો એક શિક્ષક તરીકે શિક્ષા અને જ્ઞાનના વિતરક તરીકે ન જાણતો હોય તો તે બાળકના 'આત્મા', 'મન', 'હૃદય', 'લાગણી' સુધી પહોંચી શકતો નથી તે માટે શિક્ષકે શૈક્ષણિક મનોવિજ્ઞાન, બાળ મનોવિજ્ઞાન, કેળવણી અને શિક્ષણની વિસ્તરતી ક્ષિતીજો, વિકાસાત્મક મનોવિજ્ઞાનની શાખાનો અભ્યાસ કરવો જોઈએ.

બાળક જયારે શાળામાં આવે છે ત્યારે ઘણી અપેક્ષાઓ પણ સાથે લઈને આવે છે. તે અપેક્ષા શિક્ષકે પુરી કરવા માટે હંમેશા તત્પર રહેવું જોઈએ.

આજના સાંપ્રત સમયની માંગને જોતા નવી-નવી ટેક્નોલોજીના વિકાસને કારણે તે નવી ટેક્નોલોજીને કઈ રીતે ઉપયોગમાં લેવી તે બાબતનું જ્ઞાન મેળવવા માટે શિક્ષકનું મહત્વ જરૂરી બન્યું છે. એટલે આ ક્ષેત્રમાં જેનો સૌથી મોટો સિંહફાળો હોય તેવા શિક્ષકોના મહત્વને ઓછું ન આંકી શકાય, આગળ જણાવ્યા મુજબ શિક્ષણને ઔપચારિકતાની દષ્ટિએ વિવિધ ભાગોમાં વહેંચી શકાય, તેમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનું મહત્વ સૌથી વધુ છે. કારણ કે આ તબક્કામાં જે બાળક, બૌદ્ધિક, આવેગિક, સર્જનાત્મક અને સામાજિક રીતે સક્ષમ બને તે જરૂરી છે. બાળકને જ્ઞાન આપનાર અને તેના જીવનને કંડારનાર શિક્ષકની ભૂમિકા સૌથી મહત્વની રહી છે. તેથી જ કહી શકાય કે એક શિલ્પી પોતાની શિલ્પકૃતિને ત્યારે જ સુંદર ઘાટ આપી શકે જયારે તે પોતાના આવેગોનું વ્યવસ્થાપન યોગ્ય રીતે કરી બાહ્ય પરિસ્થિતિઓ સાથે સમાયોજન સાધી માનસિક રીતે તૈયાર હોય. ત્યારે જ શિક્ષક પોતાના જીવંતમૂર્તિ સમાન વિદ્યાર્થીઓને પોતાના સુંદર અને અસરકારક વિષયવસ્તુને વિદ્યાર્થીના જીવનમાં ઉતારી શકે. પરંતુ જયારે શિક્ષક

સ્વ-જાગૃતતા, સ્વ-વ્યવસ્થાપન, સામાજિક અને વ્યવસાયિક અભિગમ, સંબંધોનું વ્યવસ્થાપન એટલે કે ઉચ્ચ આવેગિક બુદ્ધિ ધરાવતો હોય, વ્યવસાયમાં સંતોષ સાધતો હોય અને શૈક્ષણિક કાર્ય કે સામાજીક, કૌટુંબિક જીવનમાં ભૂમિકા સંઘર્ષને દૂર કરી જીવનમાં સમાયોજનમાં મુશ્કેલી ન અનુભવતો હોય માટે જુદા જુદા પરિવર્ત્યોની કેવી અસર થાય છે. તે જાણવા ઉપર દર્શાવેલા અધ્યયનની સમસ્યા પસંદ કરવામાં આવી છે.

શિક્ષકોની આવેગિક બુદ્ધિ વિશે Callaco, Christine, Dong (2008),Mr. Shafia, J. Pathan (2009), Gowdhaman K. and M. Bala Murugan (2010) વગેરેના અભ્યાસો નોંધપાત્ર છે.

શિક્ષકોના ભૂમિકા સંઘર્ષ વિશેના અભ્યાસોમાં David W. Jamieson & Kenneth W. Thomas (2010), Bunga Triwahyuni (2009), N.Sasikumar & M. Panimalar Roja (2012) વગેરેના અભ્યાસો નોંધપાત્ર છે.

શિક્ષકોના વ્યવસાય સંતોષના અભ્યાસો. હોંગ લુ (2007) પી. એમ. લીંડફોર્સ (2007), અર્નેસ્ટ ડબલ્યુ બ્રેવર (2008), જસ્ટીના એ. ફીશકર (2008) વગેરેના અભ્યાસો નોંધપાત્ર છે.

આ સંશોધનમાં નીચે મુજબ અધ્યયન કરવામાં સંશોધકે આ સમસ્યા પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

1. સ્ત્રી ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક શાળાના શિક્ષકો
2. સ્ત્રી ગ્રામ્ય વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો
3. સ્ત્રી શહેરી વિસ્તારના પ્રાથમિક શાળાના શિક્ષકો
4. સ્ત્રી શહેરી વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો
5. પુરુષ ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક શાળાના શિક્ષકો
6. પુરુષ ગ્રામ્ય વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો
7. પુરુષ શહેરી વિસ્તારના પ્રાથમિક શાળાના શિક્ષકો
8. પુરુષ શહેરી વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ જુદા-જુદા વિસ્તારોમાં આવેલી હોવાથી અનેક સમસ્યાઓ શાળાને લગતી, શિક્ષકોને લગતી રહેલી તેનો અંદાજ આ પ્રકારના અધ્યાપન દ્વારા આવી શકે છે. આ સમસ્યાઓ મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

1. શિક્ષકો વ્યવસાય સ્થળથી સંતોષ ન હોય તેવા પ્રશ્નો.
2. શિક્ષકોને સરકાશ્રી તરફથી પગારમાં ફિકસેશનના પ્રશ્નો
3. શિક્ષકોને શૈક્ષણિક કાર્યની સાથે વહીવટી કાર્યોની સોંપણી.
4. શિક્ષકોને પોતાની વ્યવસાય સલામતી સંદર્ભ નવા શિક્ષકોની નિમણુંક 'ફાજલને રક્ષણ નહી' તેવી સરકારની નીતિના પ્રશ્નો.
5. શિક્ષકોએ વિવિધ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ સાથે કામ લેવુ સમર્થતાઓ અને અસમર્થતાઓ.
6. શિક્ષકોને નવા પ્રવાહો, નવી પદ્ધતિઓ કે નવા કૌશલ્યોનું જ્ઞાન મેળવવામાં કઠિનતાના પ્રશ્નો.
7. સંચાલકો દ્વારા શિક્ષકોને થતી કનડગતના પ્રશ્નો.
8. શિક્ષકોને ભૌતિક સુવિધાનો અભાવ.
9. શિક્ષકોને વસ્તી ગણતરી, ચુંટણી કે અન્ય કામગીરીમાં ફરજિયાત સામેલથી થતા પ્રશ્નો.
10. શિક્ષકો એ વિવિધ સામાજિક, આર્થિક પરિસ્થિતીમાંથી આવતા વિદ્યાર્થીઓ સાથે સમાયોજન સાધવું.

શિક્ષકોના પ્રશ્નોને વિશાળ દષ્ટિબિંદુથી વિચારીએ તો તેના પ્રશ્નો ઘણા જટિલ છે. માટે જે આજના શિક્ષકો પોતાના વ્યવસાયમાં ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અનુભવે છે. આ સંદર્ભમાં શિક્ષકો કઈ રીતે પોતાના વ્યવસાયને યોગ્ય ન્યાય આપી સફળતાના ઉચ્ચ શિખરો સર કરી શકે તે માટે તેને સક્ષમ બનાવવા કઈ સમસ્યા તે અનુભવે છે. તેની જાણકારી મેળવવી જરૂરી છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ, કાર્યસંતોષ અંગેનો અભ્યાસ હાથ ધરેલ છે.

## 3.0 સંશોધનના હેતુઓ :

પ્રત્યેક સંશોધક પોતાના સંશોધનના હેતુઓ નકકી કરે છે. જેથી સંશોધન યોગ્ય દિશામાં થાય, સંશોધનનાં હેતુઓ સંશોધન કઈ કઈ બાબતોનાં સંદર્ભમાં હાથ ધરવામાં આવેલ છે તે નક્કી કરે છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમસ્યા પાછળ છુપાયેલ હકીકતની શોધ કરવી તે વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય છે. આ માટે સંશોધનના હેતુઓની રચના થાય છે. પ્રસ્તુત સંશોધન પણ કેટલાક અગત્યના હેતુઓ ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. જે હેતુઓ આ મુજબ છે.

1. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિનો અભ્યાસ કરવો.
2. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોના વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો જેવા કે જાતિ, રહેઠાણનો વિસ્તાર, શાળાનો પ્રકાર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, શૈક્ષણિક અનુભવ, લગ્ન દરજજાની) આવેગિક બુદ્ધિ પર થતી અસર તપાસવી.
3. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભૂમિકા સંઘર્ષનો અભ્યાસ કરવો.
4. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યકિતગત, સામાજિક પરિવર્ત્યો જેવા કે (જાતિ, રહેઠાણનો વિસ્તાર, શાળાનો પ્રકાર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, શૈક્ષણિક અનુભવ, લગ્ન દરજજાની) ભૂમિકા સંઘર્ષ પર થતી અસર તપાસવી.
5. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ કરવો.
6. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો જેવા કે (જાતિ, રહેઠાણનો વિસ્તાર, શાળાનો પ્રકાર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, શૈક્ષણિક અનુભવ, લગ્ન દરજજાની) કાર્યસંતોષ પર થતી અસરો તપાસવી.
7. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકાસંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ તપાસવો.
8. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધારવાના ઉપાયો સૂચવવા.

9. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભૂમિકા સંઘર્ષને દુર કરવાના ઉપાયો સૂચવવા.

10. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાયસંતોષ વૃદ્ધિ કરવાના ઉપાયો સૂચવવા.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકનો હેતુ એ છે કે શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની અનેક પ્રકારની સમસ્યાઓ છે. તેમજ તેમના વ્યવસાયમાં કઈ કઈ મુશ્કેલીઓ છે. તે ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી તેમના શૈક્ષણિક કાર્ય દરમ્યાન તેમની માનસિક સ્થિતિ, આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષની કેટલીક અસર થાય છે તેની શકય તેટલી માહિતી મેળવીને તેનો અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ સમાયેલો છે.

## 4.0 પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ :

પ્રસ્તુત સંશોધનમાં નીચેની ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

$H0_1$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_2$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_3$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_4$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_5$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_6$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_7$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_8$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_9$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{10}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{11}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{12}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{13}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજજાના સંદર્ભમાં આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{14}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{15}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{16}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{17}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના જાતિ અને રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{18}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{19}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{20}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{21}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{22}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{23}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{24}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{25}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય અનુભવના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{26}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજજાના સંદર્ભમાં ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{27}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{28}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{29}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{30}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{31}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{32}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{33}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{34}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{35}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની સંસ્થાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{36}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{37}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કુટુંબના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{38}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાયના અનુભવના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{39}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્ન દરજજાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

$H0_{40}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને ભૂમિકા સંઘર્ષ વચ્ચે કોઈ સાર્થક સહસબંધ નથી.

$H0_{41}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

$H0_{42}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ અને કાર્ય સંતોષ વચ્ચે કોઈ સાર્થક સહસબંધ નથી.

$H0_{43}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ નથી.

$H0_{44}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે ભૂમિકા સંઘર્ષ અને કાર્ય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ નથી.

$H0_{45}$ શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે આવેગિક બુદ્ધિ અને કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ નથી.

## 5.0 સંશોધનના પરિવર્ત્યો :

સંશોધન સમસ્યામાં સમાયેલા વિવિધ પરિવર્ત્યોને ઓળખવા અને તેમને વ્યાવસાયિક રીતે વ્યાખ્યાયિત કરવા એ અધ્યયનનું અગત્યનું સોપાન છે.

"શબ્દાર્થની દષ્ટિએ કહીએ તો એવી કોઈપણ બાબત કે પરિવર્તન પામી શકે તેને પરિવર્ત્ય કહેવાય."

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબ પરિવર્ત્યો છે.

### 5.1 સ્વતંત્ર પરિવર્ત્યો :

સ્વતંત્ર પરિવર્ત્યો એટલે કે પ્રયોગના પરિણામ ઉપર અસર પહોંચાડી શકે

તેવા સર્વ પરિવર્ત્યો કે જેમાં પ્રયોગકર્તા ફેરફાર કરી શકે તેમ હોય તે સર્વને સ્વતંત્ર પરિવર્ત્ય કહેવાય છે. સ્વતંત્ર પરિવર્ત્ય એ એવું ઘટક છે.. જેને સંશોધક નિરીક્ષણ હેઠળ ઘટના પરના તેના સંબંધ નકકી કરવા માટે તેને પસંદ કરે છે તે લાગુ પડે છે. માપે છે. પ્રસ્તુત અધ્યયનમાં સ્વતંત્ર પરિવર્ત્ય નીચે મુજબ છે.

1. જાતિ
2. રહેઠાણ વિસ્તાર
3. શાળાના પ્રકાર
4. ઉંમર
5. સંસ્થાના પ્રકાર
6. શૈક્ષણિક લાયકાત
7. કુટુંબનો પ્રકાર
8. વ્યવસાય અનુભવ
9. લગ્ન દરજ્જો

### 5.2 **આધારિત પરિવર્ત્યો :**

"આધારિત પરિવર્ત્યો એટલે કે પ્રાયોગિક પરિવર્ત્યમાં ફેરફાર કરવાથી પરિણામ ઉપર જે અસર પડે, તેમા જે ફેરફાર થાય તેને આધારિત પરિવર્ત્ય કહેવામાં આવે છે."

આધારિત પરિવર્ત્ય એવો ઘટક છે કે સ્વતંત્ર પરિવર્ત્યની અસર તપાસવા માટે નિરીક્ષણ કરવામાં આવે છે. અહીં ત્રણ આધારિત પરિવર્ત્ય છે.

1. આવેગિક બુદ્ધિ (Emotional Intelligence)
2. ભૂમિકા સંઘર્ષ (Role Conflict)
3. કાર્યસંતોષ (Job Satisfaction)

## 5.3 નિયંત્રિત પરિવર્ત્ય :

સંશોધન દરમ્યાન સ્વતંત્ર પરિવર્ત્ય ઉપરાંત પરિણામ પર જેની અસર થવાની સંભાવના હોય તેને નિયંત્રિત કરવા પડે છે તેને નિયંત્રિત કરે છે. તેથી તે અસરહીન બને છે. તેથી તેની અસર તટસ્થ થાય છે. સંશોધક સંશોધન કરે છે. એ દરમ્યાન અન્ય પરિવર્ત્યોની અસર પરિણામ પર ન થાય તેની કાળજી રાખે છે. આવા અન્ય પરિવર્ત્યોને નિયંત્રિત પરિવર્ત્યો કહે છે. નિયંત્રિત પરિવર્ત્ય એ સ્વતંત્ર પરિવર્ત્યના જેવા જ પરિવર્ત્ય છે. કારણ કે તે પણ પરિણામ પર અસર કરી શકે છે.

પ્રસ્તુત સંશોધનમાં માત્ર પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોને જ લેવામાં આવ્યા છે. એટલે કે શાળાના પ્રકારને નિયંત્રીત કરવામાં આવેલ છે.

## 6.0 પ્રસ્તુત સંશોધન યોજના :

કોઈપણ વૈજ્ઞાનિક કે સામાજિક સંશોધનની યોજના મહત્વની હોય છે. કોઈપણ સંશોધન શરૂ કરતા પહેલા તેનું વ્યવસ્થિત આયોજન કરવું પડે છે. જેમ અભ્યાસક્રમને નવીન બાબતો કે વિષયવસ્તુ સાથે અમલમાં લાવવો હોય કે અભ્યાસમાં દાખલ કરવાનો હોય તો તેની બ્લુપ્રિન્ટ તૈયાર કરવી પડે છે. કોઈપણ સંશોધન શરૂ કરવાનું હોય ત્યારે તેના હેતુઓને સિદ્ધ કરવા માટે તે સંશોધનના હેતુઓને અનુરૂપ સંશોધન યોજના ઘડવી પડે છે. જેના દ્વારા એ માલૂમ પડે કે સંશોધનમાં કેટલા સ્વતંત્ર પરિવર્ત્યો લેવાના છે. આ સ્વતંત્ર પરિવર્ત્યો કેટલા અસરકારક છે. બાહ્ય પરિવર્ત્યોને નિયંત્રિત કરવા માટે કઈ–કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમજ હેતુઓ, નિદર્શ પસંદગી, પરિવર્ત્યો, માહિતી એકત્રીકરણ કરવાના સાધનો, વિશ્વસનીયતા, યથાર્થતા, કઈ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ પસંદ કરવી વગેરે અંગે વિચાર કરી લેવાનો હોય છે. સંશોધક તેની સંશોધન યોજનામાં જેટલી કાળજી રાખે તેટલું તેનું સંશોધન યથાર્થ અને વિશ્વસનીય પરિણામો આપી શકે છે.

સામાજિક સંશોધન એક એવું સંશોધન છે જેમાં તેની સંશોધન ડિઝાઈનની ભૂમિકા પણ ઘણી મહત્વની છે. મનોવિજ્ઞાનમાં તો સંશોધન ડિઝાઈનનું મહત્વ

ઘણું બધુ વધી જાય છે. કારણ કે મનોવિજ્ઞાન એક પ્રાયોગિક વિજ્ઞાન છે. કોઈપણ પ્રકારનું સંશોધન હોય તેના પરિણામો અને નિષ્કર્ષ એ સંશોધન ડિઝાઈન પર નિર્ભર કરે છે. જો સંશોધન ડિઝાઈન ખામીયુકત હશે તો આવી પરિસ્થિતિમાં સંશોધનના પરિણામો. દૂષિત આવે જેથી તેના નિષ્કર્ષની વિશ્વસનીયતા અને યથાર્થતા રહેતી નથી.

**o સંશોધન ડિઝાઈનની વ્યાખ્યાઓ નીચે મુજબ છે. :**

1. "સંશોધન ડિઝાઈન સંશોધનની એવી યોજના, સંરચના તથા સંશોધન વ્યુહરચના છે કે જેનો હેતુ સંશોધનના પ્રશ્નોનો જવાબ મેળવવાનો તથા પ્રસરણને નિયંત્રિત કરવાનો હોય છે.

**– કરલિંગર (2000)**

**o સંશોધન યોજનામાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ થતો જોવા મળે છે. :**

1. સંશોધન યોજનામાં અભ્યાસનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ.
2. વિષય અંગેની માહિતી કયા સ્ત્રોતમાંથી મેળવવાની છે, જેમ કે, દસ્તાવેજી સ્ત્રોત, કે ક્ષેત્ર સ્ત્રોતમાંથી અથવા તો બંનેમાંથી તેની સ્પષ્ટતા હોવી જોઈએ.
3. વ્યકિત તપાસ (Case Study) છે કે આંકડાશાસ્ત્રીય સ્વરૂપનો અભ્યાસ છે તેની સ્પષ્ટતા કરવી જોઈએ.
4. સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક સંદર્ભમાં અધ્યાપનનું માળખુ વિચારવું જોઈએ.
5. સંશોધનમાં 'સમગ્ર' કે સમગ્રના કોઈપણ ભાગનો અભ્યાસ કરવાનો છે તે અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.
6. નિદર્શની વૈજ્ઞાનિક દષ્ટિએ પસંદગી કરવી જોઈએ.
7. સંશોધનની માહિતી એકત્ર કરવા માટે જે પ્રયુક્તિનો ઉપયોગ કરવાનો હોય તે અંગે જરૂરી સ્પષ્ટતા હોવી જોઈએ.

સંશોધન યોજના એ કોઈપણ સંશોધનની એક આધારભૂત અને વિશિષ્ટ યોજના સંરચના અને વ્યુહરચના છે.

પ્રસ્તુત સંશોધનનો હેતુ "શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ" કરવો છે. જેના માટે રાજકોટ અને મોરબી જિલ્લામાંથી 2 x 2 x 2 ફેક્ટોરીયલ ડિઝાઈન મુજબ સ્તરીકૃત યદચ્છ નિદર્શ પદ્ધતિ દ્વારા 840 શિક્ષકોને ડિઝાઈન મુજબ સ્તરીકૃત નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષનો અભ્યાસ કરવા માટે ડૉ. સુભદ્રા મંગલ દ્વારા રચિત Teacher's Emotional Intelligence Inventory, Dr.. પરિમલ પ્રસાદ દ્વારા રચીત Teacher's Role Conflict Inventory અને ડૉ. મીરા દિક્ષિત દ્વારા રચિત Job Satisfaction scale.નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેની આંકડાશાસ્ત્રીય ગણતરીને ધ્યાનમાં રાખીને નીચેના વિભાગોમાં અભ્યાસ કરવામાં આવ્યો.

**વિભાગ-1 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિનો અભ્યાસ.**

સૌપ્રથમ વિભાગ-1માં જાતિ, રહેઠાણની વિસ્તાર, શાળાની પ્રકારના પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોની આવેગિક બુદ્ધિ પર થતી અસર તપાસવા તેમજ આંતરક્રિયાની અસર તપાસવા માટે 2 x 2 x 2 ફેકટોરિયલ ડિઝાઈન મુજબ F કસોટીનું મૂલ્ય શોધવામાં આવ્યું, જેના દ્વારા 1 થી 7 ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**કોષ્ટક નં.1**

**શિક્ષકોની આવેગિક બુદ્ધિના ઘટકો માટેના F કસોટીના મૂલ્યના સ્વતંત્ર પરિવર્ત્યો અને તેની કક્ષાઓ દર્શાવતું કોષ્ટક**

<table>
<tr><th>ક્રમ</th><th>સ્વતંત્ર પરિવર્ત્ય</th><th colspan="2">સ્વતંત્ર પરિવર્ત્યની કક્ષાઓ</th><th>આધારિત પરિવર્ત્ય</th></tr>
<tr><td>1.</td><td>જાતિ</td><td>સ્ત્રીઓ $A_1$</td><td>પુરુષો $A_2$</td><td rowspan="3">આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો</td></tr>
<tr><td>2.</td><td>રહેઠાણનો વિસ્તાર</td><td>ગ્રામ્ય $B_1$</td><td>શહેરી $B_2$</td></tr>
<tr><td>3.</td><td>શાળાનો પ્રકાર</td><td>પ્રાથમિક $C_1$</td><td>માધ્યમિક $C_2$</td></tr>
</table>

આ ઉપરાંત શિક્ષકોની ઉંમર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, વ્યવસાય અનુભવ, લગ્ન દરજ્જાની આવેગિક બુદ્ધિ પર થતી અસર તપાસવા માટે "t" ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા 8 થી 13 ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**કોષ્ટક નં.2**

**શિક્ષકોની આવેગિક બુદ્ધિના ઘટકો માટેના "t" કસોટી મૂલ્યના સ્વતંત્ર પરિવર્ત્યો દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | સ્વતંત્ર પરિવર્ત્ય | સ્વતંત્ર પરિવર્ત્યની કક્ષાઓ | આધારિત પરિવર્ત્ય |
|---|---|---|---|
| 1. | ઉંમર | - 25 વર્ષથી ઓછી<br>- 25 વર્ષથી વધુ | આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો |
| 2. | સંસ્થાનો પ્રકાર | - સરકારી<br>- બિનસરકારી | |
| 3. | શૈક્ષણિક લાયકાત | - ગ્રેજયુએશન, બી.એડ્.<br>- પી.ટી.સી. | |
| 4. | કુટુંબનો પ્રકાર | - સંયુકત<br>- વિભકત | |
| 5. | વ્યવસાય અનુભવ | - 5 વર્ષ કરતા ઓછો<br>- 5 વર્ષ કરતા વધુ | |
| 6. | લગ્ન દરજજો | - પરણિત<br>- અપરણિત | |

**વિભાગ-2 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ભૂમિકા સંઘર્ષનો અભ્યાસ.**

વિભાગ-2માં જાતિ, રહેઠાણનો અને શાળાનો પ્રકારનો શિક્ષકોના ભૂમિકા સંઘર્ષ પર થતી અસર તપાસવા માટે 2x2x2 ફેકટોરિયલ ડિઝાઈન મુજબ F કસોટીનું મૂલ્ય શોધવામાં આવ્યું, જેના દ્વારા 14 થી 20 ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**કોષ્ટક નં.3.**

**શિક્ષકોના ભૂમિકા સંઘર્ષ માટેના F કસોટીના સ્વતંત્ર પરિવર્ત્યો અને તેની કક્ષાઓ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | સ્વતંત્ર પરિવર્ત્ય | સ્વતંત્ર પરિવર્ત્યની કક્ષાઓ | | આધારિત પરિવર્ત્ય |
|---|---|---|---|---|
| 1. | જાતિ | સ્ત્રીઓ $A_1$ | પુરુષો $A_2$ | ભૂમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો |
| 2. | રહેઠાણનો વિસ્તાર | ગ્રામ્ય $B_1$ | શહેરી $B_2$ | |
| 3. | શાળાનો પ્રકાર | પ્રાથમિક $C_1$ | માધ્યમિક $C_2$ | |

આ ઉપરાંત શિક્ષકોની ઉંમર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, વ્યવસાય અનુભવ, લગ્ન દરજ્જાની ભૂમિકા સંઘર્ષના ઘટકો પર થતી અસર તપાસવા માટે "t" ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા 21 થી 26 ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

## કોષ્ટક નં.4

## શિક્ષકોની ભૂમિકા સંઘર્ષના ઘટકો માટેના "t" કસોટી મૂલ્યના સ્વતંત્ર પરિવર્ત્યો દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | સ્વતંત્ર પરિવર્ત્ય | સ્વતંત્ર પરિવર્ત્યની કક્ષાઓ | આધારિત પરિવર્ત્ય |
|---|---|---|---|
| 1. | ઉંમર | - 25 વર્ષથી ઓછી<br>- 25 વર્ષથી વધુ | ભૂમિકા સંઘર્ષ |
| 2. | સંસ્થાનો પ્રકાર | - સરકારી<br>- બિનસરકારી | |
| 3. | શૈક્ષણિક લાયકાત | - ગ્રેજયુએશન, બી.એડ્.<br>- પી.ટી.સી. | |
| 4. | કુટુંબનો પ્રકાર | - સંયુકત<br>- વિભકત | |
| 5. | વ્યવસાય અનુભવ | - 5 વર્ષ કરતા ઓછો<br>- 5 વર્ષ કરતા વધુ | |
| 6. | લગ્ન દરજજો | - પરણિત<br>- અપરણિત | |

**વિભાગ-3 વ્યક્તિગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના કાર્યસંતોષના ઘટકોનો અભ્યાસ.**

વિભાગ-3માં જાતિ, રહેઠાણનો વિસ્તાર, શાળાનો પ્રકારની કાર્યસંતોષ પર થતી અસર તપાસવા માટે 2x2x2 ફેકટોરિયલ ડિઝાઈન મુજબ F કસોટીનું મૂલ્ય શોધવામાં આવ્યું, જેના દ્વારા 27 થી 33 ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**કોષ્ટક નં..5**

**શિક્ષકોના કાર્યસંતોષના ઘટક માટેના F કસોટીના સ્વતંત્ર**

**પરિવર્ત્યો અને તેની કક્ષાઓ દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **સ્વતંત્ર પરિવર્ત્ય** | **સ્વતંત્ર પરિવર્ત્યની કક્ષાઓ** | | **આધારિત પરિવર્ત્ય** |
|---|---|---|---|---|
| 1. | જાતિ | સ્ત્રીઓ $A_1$ | પુરુષો $A_2$ | કાર્યસંતોષ |
| 2. | રહેઠાણનો વિસ્તાર | ગ્રામ્ય $B_1$ | શહેરી $B_2$ | |
| 3. | શાળાનો પ્રકાર | પ્રાથમિક $C_1$ | માધ્યમિક $C_2$ | |

આ ઉપરાંત શિક્ષકોની ઉંમર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, વ્યવસાય અનુભવ, લગ્ન દરજ્જાની કાર્ય સંતોષ પર થતી અસર તપાસવા માટે "t" ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા 34 થી 37 ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**કોષ્ટક નં.6**

**શિક્ષકોના કાર્યસંતોષના ઘટકો માટેની "t" કસોટી મૂલ્યના સ્વતંત્ર પરિવર્ત્યો દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | સ્વતંત્ર પરિવર્ત્ય | સ્વતંત્ર પરિવર્ત્યની કક્ષાઓ | આધારિત પરિવર્ત્ય |
|---|---|---|---|
| 1. | ઉંમર | - 25 વર્ષથી ઓછી<br>- 25 વર્ષથી વધુ | કાર્યસંતોષ |
| 2. | સંસ્થાનો પ્રકાર | - સરકારી<br>- બિનસરકારી | |
| 3. | શૈક્ષણિક લાયકાત | - ગ્રેજ્યુએશન, બી.એડ્.<br>- પી.ટી.સી. | કાર્યસંતોષ |
| 4. | કુટુંબનો પ્રકાર | - સંયુકત<br>- વિભકત | |
| 5. | વ્યવસાય અનુભવ | - 5 વર્ષ કરતા ઓછો<br>- 5 વર્ષ કરતા વધુ | |
| 6. | લગ્ન દરજજો | - પરણિત<br>- અપરણિત | |

**વિભાગ-4 શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા, સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચેના સહસંબંધનો અભ્યાસ.**

વિભાગ-4માં શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ વચ્ચે કેવો અને કેટલો સહસંબંધ રહેલો છે. તેની ચકાસણી કરવા માટે કાર્લપિયર્સન-r પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા ઉત્કલ્ના 40 થી 41ની ચકાસણી કરવામાં આવી હતી જયારે આંશિક સહસંબંધ દ્વારા ઉત્કલ્પના 43 થી 45 ની ચકાસણી કરવામાં આવી હતી.

**કોષ્ટક નં.7**

**આંશિક સહસંબંધ દર્શાવતુ કોષ્ટક**

| **ક્રમ** | N | **સ્વતંત્ર પરિવર્ત્ય** |
|---|---|---|
| 1. | 840 | આવેગિક બુદ્ધિના ઘટકો |
| 2. | 840 | ભૂમિકા સંઘર્ષના ઘટકો |
| 3. | 840 | કાર્યસંતોષના ઘટકો |

### 7.0 પ્રસ્તુત સંશોધનની નિદર્શ પસંદગી

આ સંશોધનમાં સાદા યદચ્છ નિદર્શન પદ્ધતિ પસંદ કરવામાં આવી છે. કારણ કે સમય, સગવડ અને અભ્યાસને ધ્યાનમાં લઈને આ નિદર્શ વધુ અનુકૂળ પડે છે.

આમ, અહી શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પ્રાથમિક અને માધ્યમિક શાળ ાના શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષના અભ્યાસમાં કુલ 840નો નિદર્શ પસંદ કરવામાં આવ્યો છે. જેમાં 420 સ્ત્રીઓ અને 420 પુરુષ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા છે. નિદર્શનની વિગતો ટેબલ-8માં રજુ કરવામાં આવી છે. આ નિદર્શ સાદા યદચ્છ નિદર્શ છે.

અહીં દર્શાવવામાં આવેલ સંશોધનનો મુખ્ય હેતુ મોરબી અને રાજકોટ જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષનો અભ્યાસ કરવાનો છે. આ હેતુને ધ્યાનમાં લઈ નિદર્શ પસંદગી માટે સાદા યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા મોરબી અને રાજકોટ જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના સ્ત્રી અને પુરૂષ શિક્ષકો મળી કુલ 840 શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા. તેમાં પ્રાથમિક શાળાના 420 અને માધ્યમિક શાળાના 420 શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા.

પ્રસ્તુત સંશોધનમાં નિદર્શની વહેંચણી નીચે પ્રમાણે છે.

**કોષ્ટક નં.8 (N=840)**

**શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાનો પ્રકાર દર્શાવતુ 2x2x2 ફેકટોરીયલ યોજના મુજબનું કોષ્ટક**

| **જાતિ** | **સ્ત્રી શિક્ષકોના રહેઠાણ વિસ્તાર** | | **પુરુષ શિક્ષકોના રહેઠાણ વિસ્તાર** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| **શાળાનો પ્રકાર** | **ગ્રામ્ય** | **શહેરી** | **ગ્રામ્ય** | **શહેરી** | |
| પ્રાથમિક | 105 | 105 | 105 | 105 | 420 |
| માધ્યમિક | 105 | 105 | 105 | 105 | 420 |
| **કુલ** | **210** | **210** | **210** | **210** | **840** |

આ માટે 2x2x2 આવયવિક (ફેકટોરિયલ) યોજના પસંદ કરવામાં આવશે. નિદર્શ કદ : N =840

1. જાતિ – બે કક્ષાઓ સ્ત્રી અને પુરુષ શિક્ષકો
2. વિસ્તાર – બે કક્ષાઓ ગ્રામ્ય અને શહેરી
3. શાળાનો પ્રકાર – બે કક્ષાઓ પ્રાથમિક અને માધ્યમિક

**○ નિદર્શની વિસ્તૃત સમજૂતી દર્શાવતું કોષ્ટક :**

**કોષ્ટક નં.9**

| | **A1** | | **A2** | | **Total** |
|---|---|---|---|---|---|
| | B1 | B2 | B1 | B2 | |
| C1 | 105 | 105 | 105 | 105 | 420 |
| C2 | 105 | 105 | 105 | 105 | 420 |
| **Total** | **210** | **210** | **210** | **210** | **840** |

નિદર્શ વિશેની વિસ્તૃત અને ઝડપથી માહિતી સંશોધન યોજનાની ડિઝાઈન પરથી માલુમ પડશે.

Research Design




## 8.0 પ્રસ્તુત સંશોધનના સાધનો :

### 8.1 વ્યકિતગત માહિતીપત્રક :

અહી શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રાથમિક અને માધ્યીમક શાળાના શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષના અભ્યાસ માટે વ્યકિતગત માહિતીપત્રકની રચના કરવામાં આવી છે. જેમાં તેમનું નામ, જાતિ, ઉંમર, રહેઠાણનો વિસ્તાર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, વ્યવસાય અનુભવ અને લગ્નદરજજો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો.

### 8.2. આવેગિક બુદ્ધિ સંશોધનિકા (Teacher's Emotional Intelligence Inventory):

શિક્ષક આવેગિક બુદ્ધિ સંશોધનીકા Dr. (Mrs.) Shubhra Mangal (ડૉ. સુભદ્ર મંગલ) રચિત સંશોધનિકા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે તૈયાર કરવામાં આવેલ છે. શિક્ષકોના આવેગિક બુદ્ધિ માટેના કુલ પ્રાપ્તાંકો તેમજ ચાર વિભાગો માપવામાં આવે છે. જે નીચે પ્રમાણે આપેલ છે.

**○ આવેગિક બુદ્ધિના ઘટકો :**

1. સ્વ અને અન્ય જાગૃતિ (Awareness of Self and Others)
2. વ્યવસાયિક અભિગમ (Professional Orientation)
3. અંતર વૈયક્તિક સંચાલન (Intrapersonal Management)
4. આંતર વૈયક્તિક સંચાલન (Interpersonal Management)

**○ શિક્ષકોની આવેગિક બુદ્ધિના ઘટકોનું આંક શ્રેણીઓના આધારે વર્ગીકરણ :**

સ્ત્રી અને પુરૂષ શિક્ષકોની EI ટકાના ધોરણોને આધારે વર્ગોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. શિક્ષકોની આવેગિક બુદ્ધિના કાચા સ્કોરને આધારે તેનું અંતિમ સ્વરૂપ નકકી કરી તેને 5 શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યું આ પાંચ વર્ગો નીચે પ્રમાણે આપેલ છે.

A. ખુબ જ ઉંચી આવેગિક બુદ્ધિ

B. ઉચ્ચ આવેગિક બુદ્ધિ

C. સામાન્ય આવેગિક બુદ્ધિ

D. મધ્ય સામાન્ય આવેગિક બુદ્ધિ

E. નબળી આવેગિક બુદ્ધિ

ટેબલ-10 પ્રમાણે જાતિના આધારે આવેગિક બુદ્ધિના 4 ઘટકોના સ્કોરનું વર્ગીકરણ આ પાંચ વર્ગોને આધારે કરવામાં આવેલ છે.

## Table - 10

### Classification of EI Scores : Total and Factor-wise for both Sexes

| Sr. No. | Factor | Category | Description | Range of Raw Scores | |
|---|---|---|---|---|---|
| | | | | Male | Female |
| 1. | સ્વ અને અન્ય જાગૃતિ Awareness of Self and Others | A | Very High | 344 and above | 347 and above |
| | | B | High | 330-343 | 334-346 |
| | | C | Average | 369-329 | 319-333 |
| | | D | Below Average | 254-308 | 282-318 |
| | | E | Poor | 253 and below | 281 and below |
| 2. | વ્યવસાયિક અભિગમ Professional Orientation | A | Very High | 192 and above | 194 and above |
| | | B | High | 182-191 | 185-193 |
| | | C | Average | 169-181 | 176-184 |
| | | D | Below Average | 135-168 | 149-175 |
| | | E | Poor | 134 and below | 148 and below |
| 3. | આંતર વૈયક્તિક સંચાલન Interpersonal Management | A | Very High | 109 and above | 108 and above |
| | | B | High | 104-108 | 103-193 |
| | | C | Average | 95-103 | 96-102 |

| Sr. No. | Factor | Category | Description | Range of Raw Scores | |
|---|---|---|---|---|---|
| | | | | Male | Female |
| | | D | Below Average | 78-94 | 84-95 |
| | | E | Poor | 77 and below | 83 and below |
| 4. | આંતર - વૈયક્તિ સંચાલન Interpersonal Management | A | Very High | 275 and above | 272 and above |
| | | B | High | 259-274 | 261-171 |
| | | C | Average | 237-258 | 245-260 |
| | | D | Below Average | 188-236 | 209-244 |
| | | E | Poor | 187 and below | 208 and below |
| 5. | Total tEQi | A | Very High | 910 and above | 911 and above |
| | | B | High | 869-909 | 883-919 |
| | | C | Average | 811-868 | 841-882 |
| | | D | Below Average | 635-810 | 721-840 |
| | | E | Poor | 634 and below | 720 and below |

## ○ વિશ્વસનિયતા (Reliability) :

આ સંશોધનિકાની વિશ્વસનિયતા બે પદ્ધતિ દ્વારા સ્વીકૃત કરવામાં આવી છે.

a. Test-Retest Method – કસોટી પુનઃકસોટી

b. split - Half Method – અર્ધવિભાજન કસોટી

**Table - 11**

**શિક્ષકની આવેગિક બુદ્ધિ સંશોધનિકાના વિશ્વસનિયતા સહગુણાંકો**

| Method used | Test - Retest Method (N-150) | Split - Half Method (N-200) |
|---|---|---|
| Reliability Connfficients | 0.96 | 0.95 |

**O યથાર્થતા (Validity) :**

આ સંશોધનિકાની યથાર્થતાના માપન માટે ત્રણ માપ આપવામાં આવેલ છે.

A વિષયવસ્તુની યથાર્થતા (Content validity)

B રચનાની યથાર્થતા (Construct validity)

C માપદંડ સંબંધિત યથાર્થતા (Criterion Related Validity)

ઉપયુકત વિષયવસ્તુની યથાર્થતા માટે આઠ વિષય નિષ્ણાંતોના અભિપ્રાયને આધારે સંશોધનિકા તૈયાર કરવામાં આવેલ છે.

ચાર ઘટક સાથે પરિવર્ત્યોના સહસંબંધ ગુણાંકની કિંમતને આધારે રચનાની યથાર્થતાને ધ્યાનમાં લેવામાં આવી 28 પરિવર્ત્યો અને ચાર ઘટકોને રચનાની યથાર્થતા માટે નક્કી કર્યા.

માપદંડ સંબંધિત યથાર્થતા માટે બાહ્ય માપદંડ સાથે શિક્ષક આવેગિક બુદ્ધિ સંશોધનિકા (TEQI)ના સ્કોર્સનો સહસંબંધ પ્રાપ્ત કરવામાં આવ્યો અહીં બે અલગ-અલગ બાહ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો.

1. મંગલ શિક્ષક સમાયોજન સંશોધનિકા (MTAI)

2. આચાર્યા દ્વારા શિક્ષકોનું મૂલ્યાંકન

**Table - 12**

**શિક્ષક આવેગિક બુદ્ધી સંશોધનિકા (TEIT) યથાર્થતા આંક**

| Measures used | Mangal's Teacher Adjustment Inventory (N=200) | Rating of Teachers by their Headmasters (N=500) |
|---|---|---|
| Validity Coefficients | 0.55 | 0.65 |

**O સ્કોરિંગ પ્રક્રિયા :**

શિક્ષક આવેગિક બુદ્ધિ સંશોધનિકામાં ફાઈવ પોઈન્ટ સ્કેલ પ્રમાણે નકારાત્મક વિધાનો માટે 1 થી 5 અને હકારાત્મક વિધાનો માટે 5 થી 1 ગુણ આપવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનિકાની સમયમર્યાદા 75 થી 90 મિનીટ નક્કી કરવામાં આવેલ હતી.

**8.3. શિક્ષક ભૂમિકા સંઘર્ષ સંશોધનિકા (Teachers' Role Conflict Inventory) :**

શિક્ષક ભૂમિકા સંઘર્ષ સંશોધનિકા ડૉ. પરિમલ પ્રસાદ (Dr. Parimal Prasad) અને ડૉ. એલ. આઈ. ભુષણ (Dr. L. I. Bhushan) રચિત સંશોધનિકા શિક્ષકોની ત્રણ પરિસ્થિતીઓને છ સંઘર્ષ વિસ્તારના આધારે તૈયાર કરવામાં આવી છે. શિક્ષક ભૂમિકા સંઘર્ષ (TRCI)માં 22 વિધાનોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**O યથાર્થતા (Validity) :**

શિક્ષક ભૂમિકા સંઘર્ષ સંશોધનીકા માટે વસ્તુઓની પ્રારંભિક પસંદગી રેટિંગ નિર્ણય (Rating of Judges)ને આધારે કરવામાં આવી હતી. સંશોધનિકાની રચના માટે મૂલ્યાંકન નિર્ણયના આધારે શાળા શિક્ષકોના છ ભૂમિકા સંઘર્ષ વિસ્તારોને લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત TRC સંશોધનિકાની યથાર્થતા 'સ્વભૂમિકા સંઘર્ષ સંશોધનિકા' (SRCI) અને 'અન્ય ભૂમિકા સંઘર્ષ સંશોધનિકા' (ORCI)ને આધારે માન્ય કરવામાં આવી હતી. (Prasad - 1985), સંશોધનિકાની રચના માટે ત્રણ ભૂમિકા સંઘર્ષ અપેક્ષા દર નક્કી કરવામાં આવેલ હતો.

1. કુટુંબની અપેક્ષા પ્રમાણેની ભૂમિકા

2. વિષયશિક્ષક તરીકેની અપેક્ષા પ્રમાણેની ભૂમિકા

3. વિદ્યાર્થીઓની અપેક્ષા પ્રમાણેની ભૂમિકા

ઉપર્યુક્ત ત્રણ 'અન્ય ભૂમિકા અપેક્ષા સંશોધનિકા' (OREI), Perceived Role Inventory (PRI) અને શિક્ષક ભૂમિકા સંઘર્ષ સંશોધનિકા (TRCI) માટે 100 માધ્યમિક શાળાના શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યો. 'r' આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા યથાર્થતાનું માપન કરવામાં આવ્યું.

**Table -13**

**Relationship of TRC Inventory with Oter Measures of**

**Teacher's Role Conflict**

| **Teacher's** | **Self Role Conflict Inv.** | **Others Role Conflict Inventories** | | |
|---|---|---|---|---|
| Role Conflict Inventory | 0.56 | ORCL | ORCL | ORCI |
| | | 0.51 | 0.45 | 0.39 |

## ○ વિશ્વસનીયતા (Reliability) :

કસોટીની વિશ્વસનીયતા માટે Internal Consistency અને temporal Stability નક્કી કરવામાં આવેલ હતી. 100 શાળાના શિક્ષકોને ચાર અઠવાડિયાના અંતરે 22 વિધાનોવાળી કસોટી બે વખત આપવામાં આવી હતી. કસોટીની દરેક આઈટમની આંતરિક સુસંગતતા નક્કી કરવા માટે અર્ધવિભાજન પદ્ધતિ 1 અને 2 તેમજ

સ્પિયરમેન બ્રાઉન સુત્ર દ્વારા કસોટી, પુનઃ કસોટી ને આધારે વિશ્વસનીયતા આંક પ્રાપ્ત થયા હતા. જે નીચેના ટેબલ દ્વારા રજુ કરેલ છે.

**Table - 14**

**Reliability of TRC Inventory**

| Method | N | r | Index of r |
|---|---|---|---|
| 1 Split half | 100 | 0.72 | 0.88 |
| (a) Odd Vs Even Items<br>(b) 1st half - 2nd half | 100 | 0.68 | 0.81 |
| 2 Test - Retest | 100 | 0.68 | 0.68 |

### ○ સ્કોરિંગ પ્રક્રિયા (Scoring Procedurs) :

પ્રસ્તુત સંશોધનિકામાં દરેક વિધાનો માટે નીચે પ્રમાણે સ્કોર નકકી કરેલ છે.

| | | |
|---|---|---|
| બહુ વધારે | - | 4 |
| વધારે | - | 3. |
| થોડું | - | 2 |
| કહી શકાય નહી | - | 1 |
| કયારેય નહી | - | 0 |

### ○ ધોરણો (Norms) :

TRE સંશોધનિકામાં સ્ત્રી અને પુરુષ, પ્રાથમિક અને માધ્યમિક શાળ ાના શિક્ષકો માટે સ્કોર્ષનું અર્થઘટન અને ટકાવારી અલગ દર્શાવવામાં આવેલ હતી. આ સંશોધનિકામાં સ્ત્રી અને પુરુષ શિક્ષકો સમાન પ્રમાણમાં વહેંચાયેલ હતા જેમાં માધ્યમિક 700 અને 860 પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનિકાના ટકાના ધોરણોને ચાર જુથોમાં વિભાજિત કરી નીચેના ટેબલ પ્રમાણે દર્શાવેલ છે.

**Table - 15**

**Percentile Norms for the Perceived Role Conflict (PRC) Score**

| Percentile Points (N) | Secondary Male (365) | Teachers Female (335) | Primary Male (410) | Teachers Female (450) | Interpre ration |
|---|---|---|---|---|---|
| P95 | 77.1 | 82.7 | 75.5 | 69.5 | Very high |
| P99 | 75.5 | 78.7 | 66.4 | 65.2 | perceived Role Conflict |
| P80 | 65.0 | 66.6 | 61.1 | 59.5 | High P.R. |
| P70 | 59.0 | 62.2 | 55.8 | 54.8 | conflicts |
| P60 | 53.6 | 57.5 | 50.8 | 50.2 | Average |
| P50 | 49.3 | 51.5 | 46.3 | 45.0 | PR |
| P40 | 45.7 | 49.4 | 43.8 | 42.1 | Conflict |
| P30 | 41.7 | 44.0 | 40.5 | 38.6 | Low PR |
| P20 | 37.3 | 38.7 | 37.2 | 35.1 | Conflict |
| P10 | 31.8 | 32.8 | 32.8 | 31.3 | Very Low |
| P5 | 28.6 | 29.5 | 30.4 | 29.4 | PR Clnflict |

### 8.4 કાર્યસંતોષ તુલા (Job Satisfaction Scale) :

કાર્યસંતોષ તુલા ડૉ. મીરા દિક્ષીત Dr. (Mrs.) Meera Dixit દ્વારા રચિત સંશોધનિકા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના કાર્યસંતોષને આઠ ઘટકોને આધારે માપન કરવામાં આવે છે. તેમાં કુલ 52 વિધાનોનો સમાવેશ કરાયો છે.

### ○ કાર્યસંતોષ તુલાના ઘટકો (Factors of Job Satisfaction Scale) :

1. નોકરીનાં આંતરિક પાસાં

2. પગાર, પ્રમોશનલ તકો અને નોકરીની શરતો
3. શારીરિક સુવિધાઓ
4. સંસ્થાકીય યોજના અને નીતિઓ
5. અધિકારીઓ સાથેના સંતોષ
6. કૌટુંબિક કલ્યાણ અને સામાજિક દરજ્જા સાથેનો સંતોષ
7. વિદ્યાર્થીઓ સાથે સુસંગતતા (એકરાગ)
8. સહકાર્યકરો સાથેના સંબંધો

**○ યથાર્થતા (Validity) :**

કાર્ય સંતોષ તુલાની વસ્તુયથાર્થતા નક્કી કરવા 27% થી ઊચ્ચઆંક અને 27% નીચેના આંક કાર્લ પિયરસનની પદ્ધતિ દ્વારા વસ્તુવિશ્લેષણનો સહસંબંધ જાણવામાં આવ્યો હતો તેમજ t-મૂલ્યનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. તુલાના અંતિમ ફોમમાં જે વસ્તુઓની સાર્થકતા જોવા મળી હતી તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તુલામાં શરૂઆતમાં 58 આઈટમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વસ્તુવિશ્લેષણ બાદ તેમાંથી 6 આઈટમોને બાદ કરી 52 વસ્તુઓનો જ સમાવેશ કરવામાં આવ્યો જે નીચે મુજબ છે.

**Table - 16**

**Distribution of Items in the Final Form of Job Satisfaction Scale**

| | Job Factors | Items No. | No. |
|---|---|---|---|
| A | Intrinsic Aspect of the job | 1, 11, 25, 30, 35, 46 and 52 | 7 |
| B | Salary, Promotional avenues and service conditions | 3, 12, 19, 20, 31, 34, 45, 50 | 8 |
| C | Physical facilities | 2, 10, 24, 29, 36, 43, 48, 49, 51 | 9 |
| D | Institutional Plans and Policies | 4, 13, 26, 38, 40, 47 | 6 |
| E | Satisfaction with authorities | 5, 14, 21, 27, 32, 41 | 6 |
| F | Satisfaction with social status and family welfare | 8, 9, 17, 18, 23 | 5 |
| G | Rapport with students | 7, 15, 22, 28, 33, 39 | 6 |
| H | Relationship with Co-workers | 6, 16, 37, 42, 44 | 5 |
| | | **Total** | **52** |

**○ વિશ્વસનીયતા (Reliability) :**

તુલાની વિશ્વસનીયતા માટે અર્ધવિભાજન પદ્ધતિ (Split-Half) નક્કી કરવામાં આવી. કસોટીની ગણતરી અર્ધવિભાજન પદ્ધતિ સ્પિયરમેન બ્રાઉનસુત્ર (Spearman Brown Prophecy Formula) દ્વારા કરવામાં આવી હતી. કસોટી, પુનઃકસોટીના વિશ્વસનીયતા આંક ઉચ્ચ જોવા મળેલ હતો જે ટેબલમાં દર્શાવેલ છે.

**Table - 17**

**Reliability of the Split Half and Test-ratest Method**

| **Job** | **Method used** | **N** | **R** | **Index of Reliability** |
|---|---|---|---|---|
| Satisfaction | Split Half | 100 | 0.85 | 0.92 |
| Scale | test-rates | 100 | 0.75 | 0.86 |

**○ સ્કોરીંગ પ્રક્રિયા :**

પ્રસ્તુત તુલામાં વિધાનોનો સ્કોર ફાઈવ પોઈન્ટ સ્કેલ પ્રમાણે નકકી કરવામાં આવેલ હતો. જે નીચે પ્રમાણે ટેબલ દ્વારા જાણી શકાય છે.

**Table - 18**

| **Alter natves** | **Strongly agree** | **Agree** | **Undecided** | **Disagree** | **Strongly** |
|---|---|---|---|---|---|
| Scores | 5 | 4 | 3 | 2 | 1 |

ઉપર્યુક્ત ટેબલ પ્રમણે તુલાની સ્કોરિંગ પ્રક્રિયામાં સંપૂર્ણ સહમત માટે 5, સહમત 4, અનિશ્ચિત 3, અસહમત 2, સંપૂર્ણ અસહમત 1, સ્કોર નકકી કરેલ હતા. આ તુલાના પ્રાપ્તાંકોનો વિસ્તાર ઓછામાં ઓછો 52 અને વધુમાં વધુ 260 આવી શકે છે.

## 9.0 પ્રસ્તુત સંશોધનની માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત સંશોધન "શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષ અંગેનો અભ્યાસ" આ હેતુને ધ્યાનમાં રાખી ઉત્કલ્પનાનું નિર્માણ કર્યા બાદ તેની ચકાસણી કરવાના હેતુથી વિશ્વસનીય અને આધારભૂત, પ્રમાણિક માહિતી એકત્રિત કરવા માટે પ્રયુક્તિની પસંદગી કરવામાં આવે છે અને માહિતી એકત્ર કરવા માટેનું પ્રમાણિત સાધન હોવું જરૂરી છે. તેના હાથે પણ સચોટ માહિતી મેળવવાની શકયતા પણ રહે છે. અને અહીં પણ માહિતી મેળવવા જે સ્કેલ કે સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેની વિશ્વસનીયતા અને યથાર્થતા ઉચ્ચ જોવા મળેલ હતી.

પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પ્રાથમિક અને માધ્યમિક શાળાના સ્ત્રી અને પુરૂષ શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભૂમિકા સંઘર્ષ અને કાર્યસંતોષના હેતુને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ કરવામાં આવી છે.

1. સ્ત્રી ગ્રામ્ય વિસ્તાર પ્રાથમિક શાળાના શિક્ષકો
2. સ્ત્રી ગ્રામ્ય વિસ્તાર માધ્યમિક શાળાના શિક્ષકો
3. સ્ત્રી શહેરી વિસ્તાર પ્રાથમિક શાળાના શિક્ષકો
4. સ્ત્રી શહેરી વિસ્તાર માધ્યમિક શાળાના શિક્ષકો
5. પુરુષ ગ્રામ્ય વિસ્તાર પ્રાથમિક શાળાના શિક્ષકો
6. પુરુષ ગ્રામ્ય વિસ્તાર માધ્યમિક શાળાના શિક્ષકો
7. પુરુષ શહેરી વિસ્તાર પ્રાથમિક શાળાના શિક્ષકો
8. પુરુષ શહેરી વિસ્તાર માધ્યમિક શાળાના શિક્ષકો

ઉપરોકત આઠ વિભાગને આધારે કુલ 840 શિક્ષકો જેમાં સ્ત્રી 420 અને પુરુષ શિક્ષકો 420ને નિદર્શને ધ્યાનમાં લઈ માહિતી એકત્રિત કરી માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવાાં આવ્યો. આ પ્રશ્નાવલી દ્વારા શિક્ષકોને રૂબરૂ મળી પ્રશ્નાવલીમાં પોતાના અભિપ્રાયો જણાવવાનું કહ્યું.

શિક્ષકોની મુલાકાતથી તેમને આ બાબત વિશે પ્રશ્નોના જવાબ આપવામાં ઉત્સાહ જળવાઈ રહે તેવા પર્યાવરણમાં માહિતીનું કાર્ય શિક્ષકોના અનુકૂળ સમય દરમ્યાન અગાઉથી પૂર્વમંજુરી લઈ પૂર્ણ કરવામાં આવ્યું હતું.

જે જે શાળાઓ યદચ્છ રીતે પસંદ થઈ હતી તેના આચાર્યશ્રીને રૂબરૂ મળી સંમતિ મેળવીને માહિતી ખુશનુમા વાતાવરણમાં એકત્રિત કરી હતી.

## 10.0 આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ (Sasticail technique) :

કોઈપણ પ્રકારના સંશોધનમાં આંકડાશાસ્ત્ર ખૂબ જ ઉપયોગી સાધન છે. શિક્ષણ ઉપરાંત વિવિધક્ષેત્રોમાં થઈ રહેલા વિકાસને યથાર્થ રીતે સમજવા આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનું જ્ઞાન સહાયભૂત બને છે.

પ્રસ્તુત અભ્યાસમાં નીચેની આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરી માહિતીનું સંખ્યાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

સંશોધન યોજના અંતર્ગત રચાયેલી શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી માટે વિચરણ પૃથ્થકરણ અને 't' કસોટીનો મુખ્યત્વે ઉપયોગ કર્યો હતો. જો શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ, કાર્યસંતોષ પર પડતી સ્વતંત્ર પરિવર્ત્ય જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની અસર જાણવા માટે 2x2x2 ફેકટોરીયલ ડીઝાઈન (ANOVA) અંતર્ગત 'f' કસોટીનો ઉપયોગ કર્યો હતો. વધુમાં અન્ય સ્વતંત્ર પરિવર્ત્ય ઉંમર, સંસ્થાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, કુટુંબનો પ્રકાર, વ્યવસાય અનુભવ, લગ્ન દરજજાની અસર જાણવા માટે ટી-કસોટી દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ, કાર્યસંતોષ વચ્ચેનો સહસંબંધ કાર્લ પીયર્સનની સહસંબંધ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## 11.0 સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલ પરિણામોને આધારે નીચે પ્રમાણે તારણો તારવવામાં આવ્યા છે.

## 11.1 સામાન્ય માહિતી અંગેની ટકાવારીના તારણો

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ, ભુમિકા સંઘર્ષ અને કાર્યસંતોષના સામાન્ય માહિતીના તારણો નીચે મુજબ રજુ કરવામાં આવ્યા છે.

### 1. જાતિ

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50% એટલે કે 420 સ્ત્રીઓ અને 420 પુરુષોનો સમાવેશ થાય છે.

### 2. રહેઠાણનો વિસ્તાર

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50% એટલે કે ગ્રામ્ય 420 અને શહેરી 420 શિક્ષકોનો સમાવેશ થાય છે.

### 3. શાળાનો પ્રકાર

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50% એટલે કે પ્રાથમિક 420 અને માધ્યમિક 420 શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે.

### 4. ઉંમર

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 51.31 % એટલે કે 431 25 વર્ષથી ઓછી અને 48.69% એટલે કે 409 25 વર્ષથી વધુ ઉંમરના શિક્ષકોનો સમાવેશ થાય છે.

### 5. સંસ્થાનો પ્રકાર

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 50.71% એટલે કે 426 સરકારી સંસ્થાના શિક્ષકો અને 49.29 એટલે કે 414 બિનસરકારી સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોનો સમાવેશ થાય છે.

### 6. શૈક્ષણિક લાયકાત

શિક્ષકોના કુલ 840 ના નિદર્શમાં 63.57% એટલે કે 534 ગ્રેજયુએશન, બી.એડ્. શિક્ષકો અને 36.43% એટલે કે 306 પી.ટી.સી. શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોનો સમાવેશ થાય છે.

**7. કુટુંબનો પ્રકાર**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 48.45% એટલે કે 407 સંયુકત અને 51.55% એટલે કે 433 વિભકત કુટુંબના શિક્ષકોનો સમાવેશ થાય છે.

**8. શૈક્ષણિક અનુભવ**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 52.86% એટલે કે 444 5 વર્ષ કરતા ઓછો અને 47.14% એટલે કે 396 5 વર્ષ કરતાં વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોનો સમાવેશ થયો હતો.

**9. લગ્નનો દરજ્જો**

શિક્ષકોના કુલ 840ના નિદર્શમાં 51.90 એટલે કે 436 પરણિત અને 48.10% એટલે કે 404 અપરણિત શિક્ષકોનો સમાવેશ થયો હતો.

## 11.2 વ્યકિતગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોની આવેગિક બુદ્ધિ (Emotional Intelligence)ને લગતાં તારણો

### 11.2.1 વિચરણ પૃથક્કરણને આધારે મેળવેલા તારણો

1. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.
2. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.
3. શૈક્ષણિ સંસ્થામાં કાર્ય કરતા પ્રાથમિક શાળાના શિક્ષકો કરતાં માધ્યમિક શાળાનાં શિક્ષકોની આવેગિક બુદ્ધિ વધુ છે.
4. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તાર વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.
5. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

6. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંક વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

7. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકારની વચ્ચે થતી આંતરક્રિયાની આવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

### 11.2.2 "t" કસોટીના આધારે મેળવેલા તારણો

8. 25 વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષકો કરતા 25 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

9. બિનસરકારી સંસ્થામાં કામ કરતા શિક્ષકો કરતા સરકારી સંસ્થામાં કામ કરતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

10. P.T.C.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો કરતા ગ્રેજ્યુએશન, બી.એડ્.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

11. સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા વિભક્ત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

12. 5 વર્ષ કરતા વધુ વ્યવસાય અનુભવ ધરાવતા શિક્ષકો કરતા 5 વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતા શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

13. અપરણિત શિક્ષકો કરતા પરણિત શિક્ષકોમાં આવેગિક બુદ્ધિ વધુ જોવા મળે છે.

### 11.2.3 વ્યકિતગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના ભુમિકા સંઘર્ષ (Teacher's Role Conflict)ને લગતા તારણો

#### 11.2.3.1 વિચરણ પૃથક્કરણને આધારે મેળવેલા તારણો

14. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા સ્ત્રી શિક્ષકો કરતા પુરુષ શિક્ષકોનો ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

15. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

16. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

17. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તાર વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

18. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

19. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

20. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકારની વચ્ચે થતી આંતરક્રિયાની ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

### 11.2.3.2 "t" કસોટીને આધારે મેળવેલા તારણો

21. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની ઉંમરના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

22. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના સંસ્થાના પ્રકારના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

23. P.T.C.ની શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો કરતા ગ્રેજયુએશન, બી.એડ્.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

24. સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોમાં ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

25. 5 વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો કરતા 5 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની ભુમિકા સંઘર્ષ વધુ જોવા મળે છે.

26. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના લગ્નદરજ્જાના સંદર્ભમાં ભુમિકા સંઘર્ષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

### 11.2.4 વ્યકિતગત સામાજીક પરિવર્ત્યોના સંદર્ભમાં શિક્ષકોના કાર્યસંતોષ (Job Satisfaction)ને લગતા તારણો

#### 11.2.4.1 વિચરણ પૃથક્કરણને આધારે મેળવેલા તારણો

27. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

28. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શહેરી વિસ્તારનાં શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

29. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની શાળાના પકારના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

30. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તાર વચ્ચે થતી આંતરક્રિયાના કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

31. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોના રહેઠાણના વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

32. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

33. શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષકોની જાતિ, રહેઠાણનો વિસ્તાર અને શાળાના પ્રકાર વચ્ચે થતી આંતરક્રિયાની કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.